સાપ્તાહિક

# ક્રાઈમ કિંગ

CRIME KING (weekly)

EDITOR : NIKITA R. SAXENA
(MO) 98796 16556
E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392

PRINTED MATTER

To, ____________________

✶ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

* YEAR : 9 * Issue No.43 * Date : 10-02-2023 * Friday * Page No. 4 Rs. 01.00 * Annual Rs.50/-

# તુર્કી અને સીરિયામાં ભૂકંપથી અત્યાર સુધીમાં ૮૦૦૦ લોકોના મોત

નૂરદાગી,

તુર્કી માટે અઠવાડિયાનો પહેલો દિવસ આફત લઈને આવ્યો. વહેલી સવારે ૪.૧૭ મિનિટ પર ભૂકંપના પહેલા ઝટકાએ અનેક જિંદગીઓ બુઝાવી નાખી. ત્યારબાદ આવી રહેલા સતત ભૂકંપના ભીષણ આંચકા અને આફ્ટરશોકે અનેક મોટા શહેરોને કાટમાળમાં ફેરવી દીધા. આ બધા વચ્ચે એક્સપર્ટ્સે જણાવ્યું કે ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે તેનાથી તુર્કી ૧૦ ફૂટ સુધી ખસી ગયું છે.

ઈટલીના ભૂકંપ વૈજ્ઞાનિક ડો. કાર્લો ડોગ્લિયોનીએ જણાવ્યું કે સીરિયાની સરખામણીમાં તુર્કીની ટેક્ટોનિક પ્લેટ્સ પાંચથી છ મીટર સુધી સરકી હોઈ શકે છે. હકીકતમાં તુર્કી અનેક પ્રમુખ ફોલ્ટલાઈન પર સ્થિત છે જે એનાટોલિયન પ્લેટ, અરેબિયન પ્લેટ અને યુરેશિયન પ્લેટ સાથે જોડાયેલું છે. જેના કારણે અહીં ભૂકંપ આવવાનું જોખમ વધુ રહે છે. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે એનાટોલિયન પ્લેટ અને અરેબિયન પ્લેટની વચ્ચે ૨૨૫ કિલોમીટરની ફોલ્ટલાઈન તૂટી ગઈ છે.

તેમણે કહ્યું કે જો કે હજુ સુધી પ્રાથમિક ડેટાના આધાર પણ આવું કહેવામાં આવી રહ્યું છે. આગામી કેટલાક દિવસોમાં સેટેલાઈટ્સથી વધુ સટીક જાણકારી મળી શકશે. ડરહમ યુનિવર્સિટીના સ્ટ્રક્ચરલ જિયોલોજીના પ્રોફેસર ડો.બોબ હોલ્ડવર્થે કહ્યું કે ભૂકંપની તીવ્રતા જોતા ટેક્ટોનિક પ્લેટનું શિફ્ટ થવું તર્કસંગત છે. હકીકતમાં ભૂકંપની તીવ્રતા અને ટેક્ટોનિક પ્લેટ્સના સરકવા વચ્ચે સીધે સીધો સંબંધ છે. તેમાં કઈ પણ એવું નથી કે અટપટું લાગે.

અત્રે જણાવવાનું કે સોમવારે સવારે ચાર વાગ્યા બાદથી અત્યાર સુધીમાં તુર્કીમાં ૫૫૦ વાર ધરતી ધ્રુજી છે. તુર્કી અને સીરિયામાં અત્યાર સુધીમાં ભૂકંપથી ૭૭૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. રાષ્ટ્રપતિ અર્દોગને દેશના દસ પ્રાંતોમાં ત્રણ મહિના માટે કટોકટી લાગૂ કરી છે. સ્કૂલોને ૧૩ ફેબ્રુઆરી સુધી બંધ કરાઈ છે. ભારત સહિત ૭૦ દેશોએ તુર્કી માટે મદદનો હાથ આગળ વધાર્યો છે.

તુર્કી અને સીરિયામાં શક્તિશાળી ભૂકંપથી અત્યાર સુધીમાં ૮૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. તુર્કીમાં ૫૮૯૪ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે ૩૪૮૧૦ લોકો ઘાયલ છે. જ્યારે વીદ્રોહીઓના નિયંત્રણવાળા સીરિયામાં ૧૨૨૦ લોકોના જીવ ગયા છે. જ્યારે સીરિયાની સરકારના નિયંત્રણવાળા વિસ્તારોમાં ૮૧૨ લોકોના મોત થયા છે. તુર્કીમાં ભૂકંપથી લગભગ ૬૦૦૦ ઈમારતો તબાહ થઈ છે. જ્યારે સીરિયામાં ૪૦૦ બિલ્ડિંગ સીરિયામાં જમીનદોસ્ત થઈ છે. જ્યારે ૧૨૨૦થી વધુ ઈમારતોને નુકસાન થયું છે.

ભૂકંપમાં તુર્કીની ઐતિહાસિક મસ્જિદ પણ તબાહ થઈ ગઈ. તુર્કીના માલાટયા શહેરમાં આવેલી આ ઐતિહાસિક યેની કેમી મસ્જિદ ખંડરમાં ફેરવાઈ. આ મસ્જિદ ૧૦૦ વર્ષ જૂની હતી પરંતુ ભૂકંપથી જમીનદોસ્ત થઈ ગઈ. ૧૦૦ વર્ષ જૂની આ મસ્જિદ હવે કાટમાળમાં ફેરવાઈ ગઈ છે. WHO એ તુર્કી અને સીરિયામાં મોતનો આંકડો વધવાની આશંકા વ્યક્ત કરી છે. ઉૐ એ તુર્કી અને સીરિયામાં ૨૦ હજારથી વધુ લોકોના માર્યા ગયા હોવાની આશંકા પણ વ્યક્ત કરી છે. એટલું જ નહીં સ્વાસ્થ્ય સંગઠનનું કહેવું છે કે બંને દેશોમાં ૨.૩ કરોડ લોકો તેનાથી પ્રભાવિત થયા હોઈ શકે છે. તુર્કીનો મોટાભાગનો હિસ્સો એનાટોલિયન પ્લેટ પર છે. આ પ્લેટની પૂર્વમાં ઈસ્ટ ઈનાટોલિયન ફોલ્ટ છે. ડાબી તરફ ટ્રાન્સફોર્મ ફોલ્ટ છે. જે અરેબિયન પ્લેટ સાથે જોડાય છે. દક્ષિણ અને દક્ષિણ-પશ્ચિમમાં આફ્રીકન પ્લેટ છે જ્યારે ઉત્તર દિશા તરફ યુરેશિયન પ્લેટ છે. જે ઉત્તર એનાટોલિયન ફોલ્ટ ઝોન સાથે જોડાયેલું છે. તુર્કીની નીચે રહેલી એનાટોલિયન ટેક્ટોનિક પ્લેટ ઘડિયાળની વિપરિત દિશામાં ઘૂમી રહી છે. એટલે કે એન્ટી ક્લોકવાઈઝ. આ સાથે જ તેને અરેબિયન પ્લેટ ધક્કો મારી રહી છે. હવે આ ઘૂમતી એનાટોલિયન પ્લેટને જ્યારે જ્યારે અરેબિયન પ્લેટ ધક્કો મારે છે ત્યારે તે યુરેશિયન પ્લેટ સાથે ટકરાય છે. ત્યારે ભૂકંપના જોરદાર આંચકા આવે છે.

### કાશ્મીરમાં અતિક્રમણની કાર્યવાહીનો વિરોધ

## કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીની અટકાયત

નવી દિલ્હી,

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીની પોલીસે દિલ્હીમાં અટકાયત કરી છે. મહેબૂબા મુફ્તી જમ્મુ-કાશ્મીરમાં અતિક્રમણ વિરુદ્ધ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીનો વિરોધ કરવા દિલ્હી આવ્યા હતા. આ દરમિયાન પોલીસે મહેબૂબાની સાથે રહેલા નેતાઓની પણ અટકાયત કરી છે. આ દરમિયાન મહેબૂબા મુફ્તીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં ગુંડા રાજ છે અને તેને અફઘાનિસ્તાનની જેમ તબાહ કરવામાં આવી રહ્યું છે. પીડીપી ચીફ મહેબૂબા મુફ્તીએ ૬ ફેબ્રુઆરીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરને દેશનો તાજ કહેવામાં આવતું હતું પરંતુ આજે તે મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યું છે.

તેમની નફરતની રાજનીતિ જમ્મુ-કાશ્મીરથી શરૂ થાય છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ કાશ્મીર અફઘાનિસ્તાન જેવું લાગશે કારણ કે ત્યાં બુલડોઝર છે. મુફ્તીએ કહ્યું કે ૩૭૦ નાબૂદ કર્યા બાદ અમારી ઓળખ ખતમ થઈ ગઈ છે. મહેબૂબા મુફ્તીએ કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં જે થઈ રહ્યું છે તે એક્સટ્રીમ છે. અમેરિકાએ અફઘાનિસ્તાન પર બોમ્બમારો કરીને તેને એક જ વારમાં ઉડાવી દીધું. મારા મતે જમ્મુ અને કાશ્મીરમાં જેટલા બુલડોઝર ચલાવવામાં આવે છે તેટલા બીજા કોઈ રાજ્યમાં ચલાવવામાં નથી આવ્યા.

કાશ્મીરમાં પોતાના જ લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. તેઓ જમ્મુ-કાશ્મીરને અફઘાનિસ્તાનમાં ફેરવવા માંગે છે. પહેલા હિંદુ-મુસ્લિમ, પછી પહાડી-ગુર્જર અને હવે તેઓ અમીર અને ગરીબ વચ્ચે લડાઈ ઉભી કરી રહ્યા છે.

## ઔરંગાબાદમાં આદિત્ય ઠાકરેના કાફલા ઉપર પત્થરમારો થયો

ઔરંગાબાદ,

મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના નેતા આદિત્ય ઠાકરેના કાફલા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આદિત્ય ઠાકરે જ્યારે પાર્ટીની શિવ સંવાદ યાત્રા દરમિયાન ઔરંગાબાદના વૈજાપુર વિસ્તારમાં હાજર હતા ત્યારે તેમના કાફલા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેના કાફલા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. બીજી તરફ વિધાન પરિષદના સભ્ય અંબાદાસ દાનવેએ આ ઘટના પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, જ્યારે અમે સભા સ્થળ છોડી રહ્યા હતા ત્યારે કાફલા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ દરમિયાન લોકોએ સ્થાનિક ધારાસભ્ય રમેશ જનમારેના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. ટોળામાં હાજર અસામાજિક તત્વો દ્વારા બે જૂથો વચ્ચે અણબનાવ સર્જવાનો આ પ્રયાસ હતો.

વિધાન પરિષદના સભ્ય અંબાદાસ દાનવેએ ઔરંગાબાદમાં આદિત્ય ઠાકરેના કાફલા પર પથ્થરમારાના મામલામાં સુરક્ષા ભંગને લઈને મહારાષ્ટ્ર પોલીસના મહાનિર્દેશકને પત્ર લખ્યો છે. દાનવેએ ડીજીપીને સુરક્ષા ભંગની ગંભીરતાથી તપાસ કરવા અને જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કર્યો.

## તંત્રી લેખ...

# રિયલ એસ્ટેટની હલચલ

તેજી અને મંદી વચ્ચેના આ ઉત્સવપ્રિય સમયગાળામાં ભારતીય જનજીવનમાં આશાઓનો સાગર લહેરાય છે. બહારથી મંદીનો ભય અને ભીતર આર્થિક ચિંતાઓ! વિવિધ બજારોમાં સુધારા તરફી વલણ જોવા મળે છે. દિવાળી ઉપર સામાન્ય તેજીનો અણસાર લોકોને જોવા મળતો જ હોય છે, પણ એને તેજી ન કહેવાય, એ તો પ્રાસંગિક ડિમાન્ડ જ કહેવાય. છેલ્લા બે વરસથી સ્થગિત થઈ ગયેલા શોપિંગ કામકાજ એકસાથે દેખાતા બજાર છલકાય એ સ્વાભાવિક છે. વધતી જતી મોંઘવારી અને નબળું પડી જતું અર્થતંત્ર દાઝયા પર ડામ જેવું સાબિત થઈ રહ્યું છે. તેની સીધી અસર રિયલ એસ્ટેટ પર પડી રહી છે. મકાનોના ખરીદ-વેચાણ ઉપર પણ ભારે અસર પડી છે. તાજેતરના સર્વેક્ષણ મુજબ છેલ્લા વર્ષમાં મકાનના ખરીદ-વેચાણમાં પચાસ ટકાની પડતી આવી છે. જો કે નોઈડા, ગુરુગ્રામ અને કલકત્તામાં રિયલ એસ્ટેટમાં થોડોક વધારો જોવા મળે છે, પણ દેશના બીજા મહાનગરોમાં જમીન-મકાનની પડતી ચિંતાજનક છે.

આ પરિસ્થિતિ માટે રિયલ એસ્ટેટને લગતા જે કડક નિયમો બનાવવામાં આવ્યા છે એ પણ કારણભૂત છે. બે નંબરની સંપત્તિની ખરીદી ઉપર બ્રેક અને તરાપ મારવાના સરકારના ઈરાદાની અસર જમીન-મકાનના વેચાણ પર પણ થઈ છે. સામાન્ય રીતે આ વીતેલા ચાતુર્માસ દરમિયાન જમીન મકાનમાં નવી લેવાલી નીકળતી હોય છે. ચોમાસુ સારું જશે એમ લાગતું હતું, પણ રાજ્યના અનેક જિલ્લાઓમાં વધારે પડતા અને બિનજરૂરી વરસાદને કારણે સંખ્યાબંધ ખેડૂતોને નુકસાન થયેલું છે. ઠંડક જ બાંધકામ ક્ષેત્રમાં ઘર કરી ગઈ છે. સરકારે આ ક્ષેત્રમાં કરોડો રૂપિયા ઠાલવ્યા છે જેનો લાભ ચપટીક લોકોને જ મળ્યો છે. નાણાં અને પોલિસીનો ભેદ એનડીએ સરકાર હજુ સમજી શકી નથી. આ બધાના લીધે રિયલ એસ્ટેટમાં એકદમ મંદી આવી ગઈ છે. ગયા વર્ષના આંકડા મુજબ જુદાં જુદાં શહેરોમાં હજારો મકાન રેડી પઝેશનમાં તૈયાર બેઠાં છે, પણ ખરીદનારું કોઈ મળી રહ્યું નથી. સેલ્સ કોલનું પ્રમાણ તો ધૂમ છે પણ એક વાર સ્કીમ જોઈ ગયા પછી ગ્રાહકને ક્લોઝ કરવામાં બિલ્ડરોને નાકે દમ આવી જાય છે. બેક્રોના લોનનાં ધોરણો પણ ઉદાર છે તો પણ લોકોમાં ભાડાના ઘરમાંથી ઘરના ઘરમાં જવાનો ઉત્સાહ નામશેષ થઈ ગયેલો દેખાય છે. જે લોકો રોકાણ કરવા માટે મકાન ખરીદતા એ લોકોએ પણ પાછીપાની કરી લીધી છે. આને લીધે અર્થવ્યવસ્થાને સારો ફટકો પડયો છે માટે રિયલ એસ્ટેટને પ્રોત્સાહન આપવા માટે સરકાર તજવીજ શરૂ કરી દીધી છે, પણ એનું કોઈ નક્કર પરિણામ મળી નથી રહ્યું. રિયલ એસ્ટેટની મંદી લાંબા ગાળાની અર્થવ્યવસ્થા માટે પણ ચિંતાજનક છે. લોકડાઉન અને કોરોનાએ આ સેક્ટરને ગંભીર નુકસાન કર્યું હતું ને એના પછી હવે મંદીની મોસમ ચકરાવા લઈ રહી છે. રિયલ એસ્ટેટનું ક્ષેત્ર લાખો લોકો માટે રોજગારી પેદા કરી આપે છે. કારીગર, એન્જિનીયર, માલસમાન બનાવતા ઉત્પાદકો સહિત હજારો એકમોને રિયલ એસ્ટેટ રોજગારી આપતું હોય છે. મકાન બની જાય પછી પણ તેના નિભાવ માટે

## વડાપ્રધાન પહેરવેશને લઈને હંમેશા ચર્ચામાં રહે છે

# મોદીએ રિસાયકલ કરેલી પ્લાસ્ટિકની બોટલથી તૈયાર થયેલી જેકેટ પહેરી

## સંસદમાં પીએમ જે જેકેટ પહેરીને આવ્યા હતા તે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન તરફથી તેમને ભેટ કરવામાં આવી હતી

નવી દિલ્હી,

પીએમ મોદીની વેશભૂષા હંમેશા ચર્ચામાં રહે છે. પછી ભલે તે પ્રજાસત્તાક દિવસ હોય કે સ્વતંત્રતા દિવસનો સમારોહ. આ વખતે પીએમ મોદીની જેકેટ ચર્ચામાં રહી છે. જોકે ખાસ વાત તો એ છે કે આ જેકેટ રિસાઈકલ કરેલી પ્લાસ્ટિકની બોટલથી તૈયાર કરાઈ હતી. પીએમ મોદી બુધવારે બજેટ સત્ર દરમિયાન આ જેકેટ પહેરીને સંસદમાં પહોંચ્યા હતા.



બુધવારે સંસદમાં પીએમ મોદી જે જેકેટ પહેરીને આવ્યા હતા તે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન તરફથી તેમને ભેટ કરવામાં આવી હતી. પીએમઓના અહેવાલ અનુસાર પીએમ મોદીએ સોમવારે જ કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં ભારત ઊર્જા સમારોહનું ઉદઘાટન કર્યું હતું. તે દરમિયાન તેમણે ઈન્ડિયન ઓઈલ દ્વારા તૈયાર કરાયેલા અનબોટલ્ડ પહેલ હેઠળ યુનિફોર્મ પણ લોન્ચ કર્યું હતું.

પીએમઓએ જણાવ્યું કે ઈન્ડિયન ઓઈલે રિટેલ કસ્ટમર અટેન્ડેન્ટ્સ અને એલપીજીની ડિલીવરી કરનારા કર્મચારીઓ માટે આ પ્રકારની યુનિફોર્મ અપનાવવાનો નિર્ણય કર્યો છે. એક યુનિફોર્મ તૈયાર કરવા માટે પ્લાસ્ટિકની ૨૮ બોટલોનો ઉપયોગ થશે. નોટિફિકેશનમાં જણાવાયું હતું કે ઈન્ડિયન ઓઈલ આ પહેલને અનબોટલ્ડ રિસાઈકલ પોલિયેસ્ટરથી બનેલા મર્ચેન્ડાઈઝ માટે લોન્ચ કરાયેલા સસ્ટેનેબલ ગારમેન્ટ્સ માટે એક બ્રાન્ડના માધ્યમથી આગળ લઈ જશે. માહિતી અનુસાર આ બ્રાન્ડ હેડળ ઈન્ડિયન ઓઈલ સૈન્ય માટે બિન-લડાકૂ યુનિફોર્મ, સંસ્થાનો માટે યુનિફોર્મ અને રિટેલ ગ્રાહકો માટે પણ તૈયાર કરવાની યોજના બનાવી રહી છે.

## રુપિયા માટે ઈમાન વેચતા લોકો માટે શીખ સમાન ઘટના

# ગાઝિયાબાદમાં રિક્ષા ચાલકે ૨૫ લાખ ભરેલી બેગ પોલીસને સોંપી

## ઈ-રિક્ષા ડ્રાઈવર મોદીનગરના મોટા રોડથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે બેગમાં ઘણા રૂપિયા જોવા મળ્યા હતા

લખનૌ,

એક તરફ લોકો થોડા રૂપિયા માટે પોતાના ઈમાનને વેચવા માટે તૈયાર થઈ જાય છે. બીજી તરફ ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના મોદીનગર વિસ્તારમાં એક ઈ-રિક્ષા ડ્રાઈવરે ઈમાનદારીની મિસાલ રજૂ કરતા ૨૫ લાખ રૂપિયાથી ભરેલી બેગ પોલીસને સોંપી દીધી. ઈ-રિક્ષા ડ્રાઈવર આસ મોહમ્મદ મંગળવારે સવારે લગભગ ૧૦.૦૦ વાગ્યાની આસપાસ મોદીનગર વિસ્તારના મોટા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક બેગ જોવા મળી. બેગને ખોલતા તેમને તેમાં ઘણા રૂપિયા જોવા મળ્યા. જે બાદ તેમને કંઈ સૂઝ્યુ નહીં એટલે તેમણે પોતાના ભત્રીજાને ઘટના સ્થળે બોલાવ્યો. બાદમાં રૂપિયાથી ભરેલુ બેગ મોદીનગર પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દીધુ. આસ મોહમ્મદ અને તેમના ભત્રીજાના જણાવ્યા અનુસાર તેમને ખબર નહોતી કે તેમાં કેટલા રૂપિયા ભરેલા છે પરંતુ જે જાણકારી મળી છે તે અનુસાર બેગમાં ૨૫ લાખ રૂપિયા હતા. આસ મોહમ્મદ દ્વારા કરવામાં આવેલુ કાર્ય સમાજ માટે પ્રેરણા છે કેમ કે રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવનાર વ્યક્તિ જેની સામે તમામ જરૂરિયાતો પણ હોય છે છતાં તેમણે ઈમાનદારીની મિસાલ રજૂ કરતા રૂપિયાથી ભરેલી બેગ પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દીધી જેથી જે વ્યક્તિની તે બેગ અને રૂપિયા છે તે પોલીસ સ્ટેશને આવીને લઈ જઈ શકે.

ડીસીપીના જણાવ્યા અનુસાર આસ મોહમ્મદે ઈમાનદાર નાગરિકની મિસાલ રજૂ કરતા રૂપિયાથી ભરેલી બેગ આજે પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દીધી જેમાં લગભગ ૨૫ લાખ રૂપિયા હતા.

# અમદાવાદમાં બાળક નશામાં લથડિયા ખાતો જોવા મળ્યો

અમદાવાદ,

ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસના નાક નીચે ચાલતા ડ્રગ્સના કાળા કારોબારનો વીડિયો હવે ગુજરાતની ગલીએ ગલીએ ફેલાયો છે. ગુજરાતમાં ડ્રગ્સ અને દારૂનું દૂષણ એટલું ફેલાયું છે કે, યુવા વર્ગ તો નશામાં ડૂબ્યો જ હતો. પરંતું હવે નાની ઉમરના બાળકો પણ નશીલા બની રહ્યાં છે. અમદાવાદમાં રસ્તા પરથી જતા બાળકનો લથડિયા ખાતો વીડિયો દરેક ગુજરાતી માટે ચોંકાવનારો વીડિયો છે. તમને થશે કે, નાની ઉંમરનો બાળક રસ્તા ઉપર નશાની હાલતમાં? શું ગુજરાતમાં નશાની લતમાં બાળપણ બરબાદ થઈ રહ્યું છે. અમદાવાદ શહેરનો આ આંખ ખોલતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. નશામાં ડુબેલો અને હાથમાં સિગરેટ પીતા બાળકનો વીડિયો થયેલો આ વાયરલ કેમ ગુજરાત પોલીસને હજુ સુધી જોવા મળ્યો નથી.

ગુજરાતનાં દરેક માતાપિતા માટે ચેતવતો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ફરી રહ્યો છે. જેમાં અમદાવાદના જાહેર રસ્તા પર નશામાં લથડિયાં ખાતો એક બાળક દેખાઈ રહ્યો છે. શું આટલા નાના બાળકે દારૂ કે ડ્રગ્સનો નશો કર્યો હશે? લથડિયાં ખાતા બાળકનો સિગારેટ પીતો વીડિયો વાયરલ થયો છે. અમદાવાદનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. શું નશાની લતમાં બાળપણ બરબાદ થઈ રહ્યું છે.

# અજવાળામાં લાઈટ બંધ રાખીને કામ કરો:CM ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ,

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વીજળી બચાવવા અનુકરણીય પહેલ કરી છે. જ્યાં સુધી અજવાળું હોય ત્યાં સુધી સીએમ ઓફિસમાં લાઈટ ચાલુ ન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સીએમ ભૂપેન્દ્ર પટેલની આ અનુકરણીય પહેલથી વીજળીની બચત પણ થશે. આ સાથે જ તેમણે એન્ટી રૂમના વીજ ઉપકરણો પણ જાતે જ ચાલુ-બંધ કરવાનો નિર્ણય લીધો છે. સતત બીજી વખત મુખ્યમંત્રીની કમાન સંભાળ્યા બાદ ભૂપેન્દ્ર પટેલ એક પછી એક મોટા નિર્ણયો લઈ રહ્યા છે. ત્યારે હવેથી મુખ્યમંત્રી કાર્યાલયમાં વીજળીની બચત થાય તે માટે જ્યાં સુધી ઓફિસ અને કાર્યાલયમાં અજવાળું હોય એટલે કે કુદરતી પ્રકાશ આવતો હોય ત્યાં સુધી લાઈટ ચાલુ ન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

# રેપો રેટમાં ફરીવાર ૦.૨૫ ટકાનો વધારો ઝીંકવામાં આવ્યો




નવી દિલ્હી,

સામાન્ય નાગરિકોને વધુ એક આંચકો આપીને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ આજે રેપો રેટમાં વધુ ૦.૨૫ ટકાનો વધારો કર્યો છે. તેના કારણે બેન્કો પણ પોતાના વ્યાજદર વધારશે. જેથી હોમ લોન અને પર્સનલ લોન સહિત દરેક પ્રકારની લોન મોંઘી પડશે. હવેથી રેપો રેટ ૦.૨૫ ટકા વધીને ૬.૫૦ ટકા થયો છે. આરબીઆઈએ આજે તેની નાણાકીય નીતિની જાહેરાત કરી હતી. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંતા દાસે જણાવ્યું કે રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

ડિસેમ્બરમાં નાણાકીય નીતિ વખતે પણ બેન્ચમાર્ક દરમાં ૦.૩૫ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. ગયા વર્ષના મે મહિનાથી અત્યાર સુધીમાં આરબીઆઈએ રેપો રેટમાં ૨.૨૫ ટકાનો વધારો કર્યો છે. ફુગાવાને અંકુશમાં રાખવા માટે આરબીઆઈ સતત મુખ્ય રેટમાં વધારો કરતી જાય છે.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંતા દાસે જણાવ્યું કે રિઝર્વ બેક્નની પોલિસીમાં એકોમોડેટિવ પોલિસી પરત ખેંચવા પર ફોકસ કરવામાં આવ્યું છે. આરબીઆઈએ હાલના જિયોપોલિટિકલ તણાવ અને ઓઈલના ભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું કે અત્યારે ઘણા ક્ષેત્ર એવા છે જેમાં વિશ્વને ભારતની મદદની જરૂર છે.

આરબીઆઈ જ્યારે પણ ચાવીરૂપ વ્યાજના દરમાં વધારો કરે છે તેના કારણે બેક્રો માટે ધિરાણ ખર્ચ વધી જાય છે. આરરબીઆઈના પગલે બેક્રો પણ પોતાના વ્યાજના દર વધારતી હોય છે. તેથી હોમ લોન, ઓટો લોન, પર્સનલ લોન સહિત તમામ પ્રકારની લોનના દર વધે છે અને ગ્રાહકોએ વધારે ઈએમઆઈ ભરવાનો આવે છે. જંત્રીના દર વધવાની સાથે હવે રેપો રેટનો વધારો થવાથી ઘર ખરીદનારાઓની સમસ્યા વધવાની છે. હોમ લોનના દર એક સમયે ૭.૫૦ ટકાની આસપાસ ચાલતા હતા તે હવે વધીને ૯.૦૦ ટકા થી ૯.૫૦ ટકા સુધી પહોંચી ગયા છે. આ ઉપરાંત ગુજરાતમાં સરકારે જંત્રીના દર પણ ડબલ કર્યા છે. તેના કારણે લોકોને પ્રોપર્ટીની ખરીદી પર વધારે સ્ટેમ્પ ડ્યૂટી ભરવી પડશે. આમ મકાન કે કોઈ પણ પ્રકારની એસેટ ખરીદવા માંગતા લોકોની સમસ્યામાં વધારો થયો છે. રિઝર્વ બેન્ક જ્યારે રેપો રેટમાં વધારો કરે ત્યારે બેક્રો લોનના દર વધારવાની સાથે સાથે ડિપોઝિટના દરમાં પણ અમુક ટકાનો વધારો કરે છે. આ વખતે પણ ડિપોઝિટના દરમાં ૦.૨૦ ટકાથી ૦.૨૫ ટકા સુધી વધારો શક્ય છે.


## સંસદમાં મોદી પર આક્ષેપો સામે ભાજપના પ્રહાર

# અમેઠીની પ્રજાએ રાહુલને જાદુ બતાવ્યો હતો : સ્મૃતી ઈરાની

નવી દિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર વળતો પ્રહાર કરતા કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા સ્મૃતિ ઈરાનીએ મંગળવારે ગાંધી પરિવાર પર ઉત્તર પ્રદેશના સંસદીય ક્ષેત્ર અમેઠીમાં વિકાસના વચનો પૂરા કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું કે જે વ્યક્તિને અમેઠીના લોકોએ જાદુ દેખાડ્યો હતો તે પીએમ નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરી રહ્યા છે. સ્મૃતિ ઈરાનીએ એ જ 'જાદુ' શબ્દનો ઉપયોગ કર્યો હતો જે રાહુલ ગાંધીએ લોકસભામાં તેમની ટિપ્પણી દરમિયાન ભાજપના શાસનમાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણીની તરક્કીના સંદર્ભમાં ઉપયોગ કર્યો હતો. ગાંધી પરિવારનું નામ લીધા વિના પ્રહાર કરતાં સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, વર્ષ ૧૯૮૧માં અમેઠીમાં એક ખૂબ જ પ્રખ્યાત ફાઉન્ડેશને ૬૨૩ રૂપિયાના ભાડા પર ૪૦ એકર જમીનનો કબજો લીધો હતો અને તેના પર મેડિકલ સુવિધા બનાવવાનું વચન આપ્યું હતું. રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન બોલતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ૩૦ વર્ષથી અમેઠીના લોકોને કહેવામાં આવ્યું હતું કે, મેડિકલ કોલેજ ખોલવામાં આવશે પરંતુ જે જમીન પર મેડિકલ કોલેજની વાત કરવામાં આવી હતી તે જમીન પર પરિવારે પોતાના માટે એક ગેસ્ટહાઉસ બનાવી દીધું. સ્મૃતિ ઈરાનીએ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં રાહુલ ગાંધીને ગાંધી પરિવારનો ગઢ ગણાતી અમેઠી લોકસભા બેઠક પરથી હરાવ્યા હતા. સ્મૃતિ ઈરાનીએ એ પણ દાવો કર્યો કે, એક ગંભીર બીમારીનો સામનો કરી રહેલા નન્હે લાલ મિશ્રાને 'પરિવાર'ની જમીન પર બનાવવામાં આવેલી હોસ્પિટલથી એવું કહીને પાછા મોકલી દીધા હતા કે, તેમણે પોતાનો ઈલાજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આયુષ્માન ભારત યોજના હેઠળ કરાવવો જોઈએ. સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, હું ઈચ્છતી હતી કે, નાના લાલ મિશ્રા આ બધું ગૃહને કહી શક્યા હોત પરંતુ તેમનો અવાજ સાંભળી શકાતો નથી કારણ કે તેઓ મૃત્યુ પામ્યા છે. આ એ લોકો છે જે નરેન્દ્ર મોદી પર પ્રહાર કરી રહ્યા છે તેમના પર કટાક્ષ કરી રહ્યા છે પરંતુ તેઓએ એક વ્યક્તિને મરવા દીધો હતો. તેમની પાસે હજુ પણ ૪૦ એકર જમીન છે... સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ હતા જેમણે અમેઠીના લોકોને મેડિકલ કોલેજ આપી છે.

# ઓનલાઈન સર્ચ એન્જિન બિંગ ગુગલ માટે પડકાર બનશે




નવી દિલ્હી,

હાલનો આ ઓનલાઈન યુગ સર્ચિંગની દુનિયાથી ઘેરાયેલો છે. અત્યારે આ સર્ચિંગની દુનિયામાં સર્ચ એન્જિન ગૂગલનો દબદબો ચાલી રહ્યો છે, પરંતુ માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાની વાત પ્રમાણે હવે ગૂગલને હવે વર્ચસ્વ ટકાવી રાખવું અઘરું છે.

માઈક્રોસોફ્ટના સર્ચ એન્જિન બિંગને અલગ રીતે તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ સર્ચ એન્જિનને ભાષા આધારિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ કરવાની તૈયારી ચાલી રહી છે. સત્ય નડેલાએ ઓનલાઈન સર્ચની દુનિયામાં આ એક નવી શરૂઆત દિશા ગણાવી છે. એક લોન્ચ ઈવેન્ટ દરમિયાન સત્ય નડેલાએ કહ્યું કે 'આ એક નવી શરૂઆત છે અને રેસ આજથી શરૂ થઈ રહી છે'.

માઈક્રોસોફ્ટ તેના સર્ચ એન્જિન બિંગને શક્તિશાળી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ કરશે, જેમાં એવી જ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જેમાંથી એઆઈબોટ ચેટજીપીટીબનાવવામાં આવ્યું છે. ચેટજીપીટીકે જે થોડા જ સમયમાં એ ૧૦૦ મિલિયન યુઝર્સનો આંકડો વાટવી ગયું હતું. ચેટજીપીટીમાં સરળતાથી નિબંધ લેખન, ભાષણની તૈયારી, પરીક્ષામાં મદદ જેવા ઘણા કાર્યો પૂર્ણ કરી શકાય છે,

જેના કારણે ચેટજીપીટીના વપરાશકર્તાઓમાં ભારે વધારો થતા જોવા મળી રહ્યો છે. માઈક્રોસોફ્ટ માને છે કે સર્ચ એન્જિન બિંગને ચેટજીપીટીજેમ જ તૈયાર કરવામાં આવી રહ્યું છે, થોડા સમયમાં ઓનલાઈન સર્ચિંગને જબરદસ્ત રીતે અપગ્રેડ કરવામાં આવી શકે છે. ચેટજીપીટીકેલિફોર્નિયા સ્થિત સ્ટાર્ટઅપ ઓપનએઆઈદ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ સ્ટાર્ટઅપ વર્ષ ૨૦૧૫માં શરૂ થયું હતું. વર્ષ ૨૦૧૯ માં, માઈક્રોસોફ્ટે ઓપનએઆઈમાં એક અબજ ડોલરનું રોકાણ કર્યું હતું. આ સિવાય તાજેતરમાં જ સ્ટાર્ટઅપે માઈક્રોસોફ્ટે સાથે મલ્ટી-બિલિયન ડોલરની ડીલ પણ કરી છે. ઈલોન મસ્ક સહિત અન્ય ઘણી કંપનીઓએ પણ આ સ્ટાર્ટઅપમાં રોકાણ કર્યું છે.

## અમેરિકાના અખબારનો ચોંકાવનારો દાવો

# ચાઈનીઝ જાસૂસી બલૂને ભારતને નિશાન બનાવ્યું હતું

## સરકાર તરફથી આ અંગે કોઈ ટિપ્પણી કરાઈ નથી

વોશિંગ્ટન,

અમેરિકા તથા લેટિન અમેરિકા પર દેખાયેલા ચીનના જાસૂસી બલૂન બાદથી ચીન અને અમેરિકા વચ્ચે ખેંચતાણની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે આ દરમિયાન એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે.

આ અહેવાલમાં દાવો કરાયો હતો કે આ ચાઈનીઝ જાસૂસી બલૂને ભારતને પણ નિશાન બનાવ્યું હતું.

જોકે સરકાર તરફથી આ અંગે કોઈ ટિપ્પણી કરાઈ નથી. થોડા દિવસ પહેલા જ અમેરિકાએ મિસાઈલ દ્વારા બલૂનને તોડી પાડ્યો હતો. જોકે આ પહેલા પણ આકાશમાં બલૂન દેખાવાના અહેવાલ સામે આવી ચૂક્યા હતા. ધ વોશિંગ્ટન પોસ્ટ દ્વારા જણાવાયું હતું કે બલૂન દ્વારા જાસૂસી કરવાના પ્રયાસો હેઠળ જાપાન, ભારત, વિયેતનામ, તાઈવાન અને ફિલિપાઈન્સ સહિત અનેક દેશો અને ચીન માટે ઉભરતા વ્યૂહાત્મક હિતોવાળા ક્ષેત્રોમાં સૈન્ય સંપત્તિઓ સંબંધિત જાણકારી એકઠી કરાઈ હતી.

આ અહેવાલ અનેક અજાણ્યા ડિફેન્સ તથા ગુપ્તચર અધિકારીઓના હવાલાથી ધ વોશિંગ્ટન પોસ્ટે પ્રકાશિત કર્યા હતા.

અહેવાલ અનુસાર અધિકારીઓએ કહ્યું કે ચીનની પીપલ્સ લીબરેશન આર્મીની એરફોર્સ દ્વારા સંચાલિત આ આ જાસૂસી બલૂનને ૫ મહાટાપુઓ પર જોવામાં આવ્યો હતો.

એક વરિષ્ઠ ડિફેન્સ અધિકારીએ તો એવો પણ દાવો કર્યો હતો કે આ બલૂન પીઆરસી(ચીની લોકવાદી ગણરાજ્ય )ના બલૂનની ફ્લિટનો એક હિસ્સો છે. જેને નિરીક્ષણ કે જાસૂસી અભિયાન ચલાવવા માટે બનાવાયો છે.

તેના દ્વારા અન્ય દેશોની સંપ્રભુતાનું ઉલ્લંઘન કરાયું છે. તાજેતરના વર્ષોમાં હવાઈ, ફ્લોરિડા, ટેક્સાસ અને ગુઆમમાં પણ ઓછામાં ઓછા ૪ બલૂન જોવા મળ્યા હતા.

# અમદાવાદમાં ૪ દિવસમાં સ્વાઈન ફ્લૂના ૨૯ કેસ, રાજકોટમાં વાયરલના કેસ વધ્યા

અમદાવાદ,

ગુજરાતમાં શિયાળો હવે વિદાય લેવા તરફ છે. ત્યારે હવે ધીમે ધીમે તાપમાનમાં પણ વધારો નોંધાતો જઈ રહ્યો છે. રાજ્યમાં હાલ એવી ઋતુ ચાલી રહી છે જેમાં વહેલી સવારે કે રાત્રે બહાર નીકળો તો ઠંડી લાગે અને બપોરના સમયે નીકળો તો ગરમી લાગે.

હવે તાપમાનમાં અચાનક વધારો થઈ રહ્યો છે, ત્યારે ઋતુચક્રમાં થયેલા આ ફેરફારને કારણે રોગચાળો વકરી રહ્યો છે. લોકો વાયરલ ઈન્ફેક્શનની ઝપેટમાં આવી રહ્યા છે. જેને આરોગ્ય વિભાગની ચિંતા વધારી દીધી છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લૂ, ઝાડા-ઉલ્ટી, શરદી ઉદરસ અને ટાઈફોડના કેસોમાં વધારો થઈ રહ્યો છે. તો રાજકોટમાં પણ શરદી-ઉદરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. આરોગ્ય વિભાગે રોગચાળો કાબુમાં લેવા કામગીરી હાથ ધરી છે. અમદાવાદમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જેના પગલે રોગચાળો વકર્યો છે. અમદાવાદમાં ૪ દિવસમાં સ્વાઈન ફ્લૂના ૨૯ કેસ નોંધાયો છે. તો બીજી તરફ ઝાડા-ઉલટીના ૪૭ અને ટાઈફોઈડના ૩૨ દર્દી નોંધાયા છે. વસ્ત્રાલના મહાદેવનગર ખાતે કોલેરાનો કેસ પણ સામે આવ્યો છે. બેવડી ઋતુના કારણે ખાનગી, સિવિલ હોસ્પિટલમાં દર્દી વધ્યા છે. શરદી, ઉધરસ, વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. અલગ અલગ પ્રકારના રોગો ફેલાતા આરોગ્ય વિભાગ ચિંતામાં આવ્યુ છે અને રોગચાળા પર કાબુ મેળવવા માટે કામગીરી હાથ ધરી છે. આ તરફ રાજકોટમાં બેવડી ઋતુના કારણે વાયરલ રોગચાળામાં વધારો નોંધાયો છે. એક અઠવાડિયામાં વાયરલના ૬૧૪ કેસ સામે આવ્યા છે. ડેન્ગ્યુના બે, શરદી, ઉધરસ અને તાવ સહિતના ૬૧૪થી વધુ કેસ સરકારી ચોપડે નોંધાયા છે. મેલેરીયા અને ચીકન ગુનીયાનો કોઈ કેસ આવ્યો નથી. સાથે જ સિઝનલ રોગચાળાના દર્દીઓમાં વધારો થયો છે. આ અઠવાડીયામાં શરદી-ઉધરસના કેસની સંખ્યા વધીને ૪૮૧ પાર પહોંચી છે. જયારે ખોરાકજન્ય અને પાણીજન્ય ઝાડા-ઉલ્ટીના ૮૩ દર્દી નોંધાયા છે. આ સપ્તાહમાં તાવના પણ વધુ ૪૭ દર્દી ચોપડે ચડયા છે. આગામી સપ્તાહમાં હજુ વાયરલ રોગચાળાના કેસમાં વધારો થઈ શકે છે તેવો આરોગ્ય અધિકારીનો દાવો છે. તો વાયરલ રોગચાળાને કાબૂમાં લેવા માટે તંત્ર સતર્ક થયું છે. રાજકોટ શહેરના પછાત વિસ્તારમાં પત્રીકા વિતરણથી માંડી ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી છે. મચ્છરજન્ય કેસ જે વિસ્તારમાંથી જોવા મળે ત્યાં આસપાસના લોકોના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા અને સેમ્પલ લઈને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલ્યા હતા. બેદરકારી દાખવા બદલ ૨૫૮ રહેણાંક અને બિનરહેણાંક માલીકોને નોટિસ ફટકારી હતી.

# અદાણી વિલ્મરની ડિલરશીપ આપવાનું કહીને છેતરપિંડી

અમદાવાદ,

અદાણી ગ્રુપની હ્લસ્ઝ્ર કંપની અદાણી વિલ્મરના લીગલ સેલના એક આસિસ્ટન્ટ મેનેજરે સોમવારે ત્રણ શખસો વિરુદ્ધ અદાણી વિલ્મર ડિલરશીપનું વચન આપીને છેતરપિંડી કરવા બદલ અને તેમની પાસેથી રુપિયા પડાવવા બદલ ફરિયાદ નોંધાવી છે. ઈસનપુરની જલધારા સોસાયટીમાં રહેતા ૨૯ વર્ષીય જુબિન મહેતાએ મંગળવારે સાઈબર ક્રાઈમ પોલીસમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે અદાણી વિલ્મર માટે આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે અને છેલ્લાં ચાર વર્ષથી નવરંગપુરાની કંપનીમાં કામ કરે છે. તેમણે જણાવ્યું કે, અદાણી વિલ્મર ૨૩ વર્ષ પહેલાં સ્થપાયેલી **FMCG** કંપની છે અને તે ભારતના વિવિધ રાજ્યોમાં ઘરેલું સામાન વેચે છે. અદાણી વિલ્મર ડિલરશીપ માટે અરજી કરનારા વ્યક્તિઓનું મૂલ્યાંકન કર્યા પછી ચોકક્સ શહેરમાં જરુરિયાતોને આધારે ડિલરશીપ આપે છે. ફરિયાદમાં તેઓએ એવું જણાવ્યું છે કે, અરજદારના વેરિફિકેશન પછી ડિલરશીપ આપવામાં આવે છે. જેના માટે કોઈ રુપિયા લેવામાં આવતા નથી. કેટલીકવાર લોકો ડિલરશીપ માટે કંપનીનો સંપર્ક કરે છે અથવા કંપની તેના પોર્ટલ પર જાહેરાતો પોસ્ટ કરે છે. ગઈ ૧૨ ડિસેમ્બરના રોજ એક શિવકુમર બ્રિજપાલે ઈમેલ કર્યો હતો અને અદાણી વિલ્મરનો સંપર્ક કર્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, વરુણ જૈન નામના શખસે ડિલરશીપનો વાયદો કર્યો હતો. તેમણે કહ્યું કે, તેણે કહ્યા પ્રમાણે રુપિયા આપી દીધા હતા અને જરુરી દસ્તાવેજો પણ પૂરા પાડ્યા હતા. બ્રિજપાલ એક સેવાનિવૃત સૈન્ય અધિકારી છે અને તેઓએ કહ્યું કે, તેઓ અદાણી વિલ્મર વિરુદ્ધ કેસ કરશે. એ પછી મહેતાએ દાવાઓની તપાસ કરી અને સામે આવ્યું કે, કંપનીમાં વરુણ જૈન નામનો કોઈ પણ કર્મચારી નથી. તેઓએ કહ્યું કે, બ્રિજપાલ સાથે કોઈએ છેતરપિંડી આચરી છે.










Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA • Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.